**નવી ખેલકૂદ નીતિ** શિક્ષણમાં રમતવીરો માટે બે ટકા સીટ અનામત

# ઓલિમ્પિક-એશિયાઈ ગેમ્સમાં સુવર્ણ કે રજત ચંદ્રક વિજેતાને સરકારમાં નોકરી

**નવગુજરાત સમય > ગાંધીનગર**

રાજ્યમાં રમતગમત ક્ષેત્ર સાથે સંકળાયેલા તમામને પ્રોત્સાહક ઈકો સિસ્ટમ મળે અને વૈશ્વિક કક્ષાએ રમતમાં ઝળકવાની તક મળવા સાથે લાખો-કરોડો રૂપિયાના ઈનામ અને શિષ્યવૃતિ સાથે કોચિંગ મળે તેવી નવી રમતગમત પોલિસી ભાજપ સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. વિધાનસભા ગૃહમાં નવી નીતિની જાહેરાત કરતા ખેલકૂદ રાજ્ય મંત્રી નાનુભાઈ વાનાણીએ કહ્યું હતું કે, રમતગમત ક્ષેત્રે અત્યાર સુધી આપણી પાસે જે સુવિધાઓ ન હતી તેને ભૂલીને નવેસરથી આગળ વધવા અને ગુજરાતના ખેલાડીઓને દેશભરમાં ખ્યાતિ મળે તેવો આ નીતિનો હેતુ છે. ઓલિમ્પિક અને એશિયાઈ ગેમ્સમાં ગુજરાતનો ખેલાડી સુવર્ણ કે સિલ્વર પદક મેળવે તો તેને રાજ્યમાં વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારી તરીકે પણ નિમણૂક આપી ગુજરાત સ્પોર્ટસ સર્વિસનો નવો વિભાગ ઊભો કરાશે. તે સાથે સરકારમાં થતી ગ્રૂપ-સીની ભરતીમાં લાયક ખેલાડીઓ માટે બે ટકા અનામત રાખવામાં આવશે.

>> અનુસંધાન p4

## ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ મેળવે તેને પાંચ કરોડ



- ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ મળે તો 3 કરોડ અને કાંસ્ય માટે બે કરોડ
- એશિયાન રમતો માટે બે કરોડથી લઇને ૧૦ લાખ
- રાષ્ટ્રીય રમતો માટે 3 લાખથી ૧ લાખના પુરસ્કાર
- દિવ્યાંગ રમતવીરો માટે ખાસ મહાકુંભ
- ભોજન, પ્રવાસ અને તાલીમ માટે સ્ટાઇપેન્ડ
- સ્પોર્ટ્સ ટૂરિઝ્મ વિકસાવવું
- સ્પોર્ટ્સના સાધનો બનાવતા પાર્ક્સ ઊભા કરવા
- પૂર્વ ખેલાડીઓ માટે વેલફેર ફંડ

RNI registration no. GUJGUJ/2014/55529
વર્ષ 3, અંક 57 બેનેટ, કોલમેન એન્ડ કંપની લિમિટેડ વતી હિતેશ બુદ્ધભટ્ટી દ્વારા ફડિયા ચેમ્બર, 139, આશ્રમ રોડ, અમદાવાદ 380009થી પ્રકાશિત ફોન નં. 67773300, ફેક્સ 67773500 અને વર્ધમાન પબ્લિશર્સ લિમિટેડ, વેજલપુર, અમદાવાદ 380051 દ્વારા મુદ્રિત.
તંત્રી: અજય ઉમટ